Barcode - 99999990867376
Title - Hakikati Islami Aayano.
Subject - GENERALITIES
Author -
Language - gujarati
Pages - 38
Publication Year - 0
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13

નાસરી "કાબા" ના ચોપાન્યામાં પુછેલા,
દશ સવાલોનું ખંડન.

# ઇસ્લામી આયનો.

લખનાર,
અલીમામદ જાનમામદ
ચુનારા.

છપાવી પ્રગટ કરનાર,
મુખતાર નાનજી-(સતીયાની)
ખડક—મુંબઇ.

મુલ્ય બે આના.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથ

“ બીજી આવૃત્તિ છપાઇ બહાર પડી છે ”

“વરતેજી” કૃત. **આફતાબે હકીકત** કીંમત આઠ આના.

એટલે

## આર્ય સમાજી પંડિત રાધાકૃષ્ણના ધૃષ્ટતા ભરેલા પચી સવાલો નાં ઇસમાઇલી સ્પષ્ટ જવાબો.

---

## ઇસમાઇલીઓને વાંચવા લાયક.

## આલમોતનો ચોડ્યો.

“ચુનારા” કૃત. યાને કીંમત આઠ આના.

## હશન બીન સબ્બાહ.

## ઇસમાઇલી નીઝારીયા ઇમામોનો હેવાલ.

---

“ કાબા ” ના ખોજા પંથ દરપણનાં આઠમાં ભાગના ખંડન.

## દુઆનાં દુશ્મનને ઝટકો

અને

## ફીતુરી ફતવાને ફટકો.

કીંમત ચાર આના.

મળવાનું ઠેકાણું—ઇસમાઇલી સાહિત્ય ઉત્તેજક મંડળ.

પાલખી મોહલો મુંબઈ નં. ૯.

લખો—ઓ૦ સેક્રેટરી મી, જાફર શેરમામદ.

---

આવૃતી ૧ લી ૨૦૦૦. [કીં. ૦–૨–૦.] ૧૯૧૭.

પ્રગટ કરનાર ખોજા મુખતાર નાનજી ( સતીયાની )
ઠે. ખડક, ખોજા જમાતખાના પાસે મુંબઇ
રતિલાલ હરજીવન પટેલે શ્રીકૃષ્ણ પ્રીં. પ્રેસમાં પ્રગટ કર્તા
માટે છાપ્યું, નં. ૯. અનંતવાડી મુંબઇ નં. ૨.

લેખક—અલીમામદ જાનમામદ ચુનારા.

# गूजरात विद्यापीठ ग्रंथालय

[ गुजराती कॉपीराइट विभाग ]

अनुक्रमांक ૬૮૪૮ वर्गांक

पुस्तकनुं नाम [illegible]

विषय ૫૭૨ : ૬

# ખુલાસો.

**અ**મરેલીનાં રહીશ એદલજી ધનજી કાબા જેઓ ઇસમાઇલી **આગાખાની** પંથ તરફ અદેખાઇથી જોતા આવે છે. અને પોતાના પાપી પેટના લાભાર્થે અસત્ય ભરેલા અને ખોટા લખાણો ભરેલા પુસ્તકો વીરૂધ્ધતાથી છપાવી બહાર પાડીને પોતાનો ધંધો ખીલવવાની યોજના કરે છે. જો કે પુસ્તકો સીવાય અગાઉ પેપર અને માસીક કહાડેલ તેમાં પણ તેવુંજ પજરણ હોવાના સબબે થોડી મુદતની આયુષ્ય ભોગવી પડી ભાંગ્યા હતાં. અને વળી હાલમાં ત્રણ માસ થયા એક માસીક ચોપાન્યુ ચાલુ કરી તેનું નામ " નુરે હીદાયત " રાખેલ છે, પણ ખરી રીતે જરૂરનું એ હતું કે તેનું નામ " ભુલેલ હીદાયત " રાખ-તે તો તેના કામ પ્રમાણે નામ કહેવાતે અને એ નામ વાજબી અને બંધ બેસ્તું લેખાતે, કારણ કે જે પંકતીએ અગાઉ પેપર અને માસીક હતાં. તેજ પંકતીએ એને મુકવામાં આવેલ છે. અને ઇસમાઇલીઓની ચડતી થતી નહી સાંખી શકવાથી પોતાનો ધખારો કહાડવા મંડી પડેલ છે, તેથી એક સાદી સમજ ધરાવનાર ખોજા નુરમામદ મેરાલી

હતું " આગાખાની બંધુઓને દસ સવાલો " એ હેડીંગ તળે દસ સવાલ ઉભા કરવામાં આવ્યાં છે. એથી વધારે કનીષ્ટ કૃત્ય એ કર્યું છે કે **નામદાર આગાખાન સાહેબને** સુલેમાન વાલજી અને નુરમામદ શરીફ નામના કીલવા આફ્રીકાનાં રહીશોએ સને ૧૯૦૫ માં સવાલો કર્યા. તે જાણે બાર વર્ષે બાવો બોલ્યો તોએ ધુળની ધુળ પ્રમાણે મજકુર ચોપાનીયામાં ' સવાલ જવાબ 'નાં હેડીંગ નીચે લખવામાં આવેલ છે. અને એ સવાલોમાં કેટલો વજુદ છે અને શું ખરૂં છે, તે ટુંક મુદતની અંદર અમારા મિત્ર E. J. વરતેજીના હાથે ખુલાસાવાર લખાઇ બહાર પડનાર છે. માટે વાંચક વર્ગે ખરી બીના જાણુવા માટે ઉત્કંઠા રાખવી એજ અરજ.

**લી. એ. જે. ચુનારા.**

---


**છપાઇ તૈયાર થયેલ છે.**

**વરતેજી કૃત** [ ઇસમાઇલી ચાબુક, ના. ૬ ]

## કાબાનું ઠેકાણે આવેલું ભેજું ! ! !

નામનો પેમફ્લેટ, કીંમત એક આનો.

મળવાનું ઠેકાણું---

**ઇસમાઇલી સાહિત્ય ઉત્તેજક મંડળ.**

પાલની ગાલ્લા મુંબઇ નં, ૩.

મી. એદલજી ધનજી કાબા .

# એ મુસલમાની કેવા-પ્રકારની છે ?

(૧) મુસલમાનીનો દાવો કરતા છતાં તમોએ તમારૂં નામ "એદલજી" જે મુસલમાનોને લગતુ નથી તે રાખેલ છે એ કેવા પ્રકારની મુસલમાની છે.

(૨) મુસલમાનીનો દાવો કરો અને તબર્રા જેવી રૂઢી જે કોમમાં મીનાકેશો. અને દુશમની ઉભી કરાવનારી કહેવાય, તેને વળગી રહી અને એકજ ઇસલામ માં નાહક તેફરકો ફેલાવવો એ કેવા પ્રકારની મુસલમાની છે,

(૩) મુસલમાનીનો દાવો કરો અને પવિત્ર કુરાને મજીદમાં અલ્લાહ "ઇમામે મુબીન" (જાહેર ઈમામ) ફરમાવે તેને એ ફરમાન વિરૂધ્ધ ગાયબ મનાવવો એ કેવા પ્રકારની મુસલમાની છે ?

(૪) મુસલમાનીનો દાવો કરો અને મુત્આ જેવી કનીષ્ટ રૂઢીને વળગી અલ્લાહનાં ફરમાન વિરૂદ્ધ આચરણ કરો એ કેવા પ્રકારની મુસલમાની છે ?

(૫) મુસલમાનીનો દાવો કરો અને "વ્યાજ" જે લેવા માટે અલ્લાહની મમાનીયત છે તેને બીજી રીતે રૂમાલમાં અમુક રૂપીઆ બાંધી જેને (હલવો) કહો છો, તે આપીને અમુક મુદ્દતે પાછા એટલા લેવા એમ કરીને અલ્લાહ સાથે છેતર પીંડી કરવી એ કેવા પ્રકારની મુસલમાની છે ?

(૬) મુસલમાનીનો દાવો કરો અને તમારામાં જે અખબારી છે, તે કુરાને શરીફ અને હદીશ મુજબ વર્તન કરે છે, એમ તેઓનું કહેવું છે, તેને તમો "મુઝતેહદ"ની તકલીદ કરનારા હોય ભલું બુરૂં કહો અને અલ્લાહ રીવાય "મુઝતહેદ" નું કહેવું માથે ચડાવો, એ કેવા પ્રકારની મુસલમાની છે ?

(૭) મુસલમાનીનો દાવો કરો અને "રસુલીલ્લાહ" નાં ફરમાન પ્રમાણે કુરાને સરીફ અને ઇમામ ની હાજરી કીયામત સુધી દોરડાનાં બે ભાગ મીસાલ છે, તે કુરાને સરીફની હસતી એક રીતે અને ઇમામની હસ્તી બીજી રીતે બનાવો એ તમારી કયા પ્રકારની મુસલમાની છે ?

(૮) મુસલમાનીનો દાવો કરો અને "નુર ન અલ્લાનુર" (જેને એક રીતે અવતાર કહી શકાય.) એ ઇસ્લામી માનીનતા છે તેની વિરૂદ્ધ ચુંથણાં ચુંથો એ મુસલમાની કેવા પ્રકારની છે ?

(૯) મુસલ્લમાનીનો દાવો કરો; અને "ખુદા સર્વ શક્તિમાન" હોઇ ચાહે તે કરે તેની શક્તિ માટે હદ બાંધો કે એમ કરે, અને એમ નહી કરે, એ કેવા પ્રકારની મુસલ્લમાની છે ?

(૧૦) મુસલ્લમાનીનો દાવો કરો, અને અલ્લાહ ફરમાવે છે કે અલ્લાહને રસ્તે જેઓ મુઆ છે, તે મરેલા નથી બલકે જીવતા છે. ત્યારે તે ફરમાન વિરૂદ્ધ રડો એ કેવા પ્રકારની મુસલમાની છે.

લી૦ એ. જે. ચુનારા.

---


છપાઇ બહાર પડી છે.

[ E. J. વરતેજી કૃત. ]

## હાજર ઈમામની હીદાયત અને મુનાફીકોનો દુરાગ્રહ.

કીંમત ચાર આના.

જેમાં હાજર ઈમામ સાંમે, ફીલવામાં સવાલ જવાબ થયા, તેમ કાબાએ પોતાના ચોપાન્યામાં છાપેલ છે તેનો રદીઓ.

મળવાનું ઠેકાણું લખો—

ઓ. સેક્રેટરી — ઇસ્માઇલી સાહિત્ય ઉતેજક મંડળ,

મી. જાફર શેરમામદ. — પાલખી મોહલો-મુંબઇ નં. ૯.

## યા અલી: મદદ.

# આગાખાનીઓને દશ સવાલ ધૃષ્ટતાથી ખોજા નુર-મામદ મેરાલીએ કર્યાં છે, તેને મી. ચુનારા તરફથી રોકડા જવાબો.

## સવાલ પહેલો.

—:o:—

તમો પોતાને મુસલમાન જણાવો છો છતાં કુરાને શરીફને માનવાને કેમ ઇનકાર કરો છો ?

——— :o: ———

## જવાબ પહેલો.

—:o:—

આએ સવાલથી તમો એમ બતાવવા માંગતા નજરે પડો છો કે અમો પાકા સાચા અને મજબુત મુસલમાન છીએ, અને આગા-ખાનીઓ મુસલમાન નથી, ત્યારે બાઇ સાહેબ તમોને જરૂરનું એ

હતું કે પ્રથમ મુસલમાન કોણ કહેવાય. તે સ્પષ્ટ કરી આગળ લખતે તો ઠીક થતે, કે મુસલમાન કોને સમજવા, અને તે અમારા વિચાર પ્રમાણે તમો સમજ શકિત ધરાવવાને લાયક નથી. નહી તો આવું લખવાને અનુકુળ સમજતે નહી.

ઇતીહાસો તપાસો, તો સમજાશે કે **હઝરત અલી** ( અ ) અને હઝરત **ઈમામ હુસેન** ( અ ) તથા એ સાહેબોની પછવાડેના **ઇમામત**ના તખ્તપર બીરાજનારાઓ (સીલસીલાથી અડતાલીસમાં ઇમામ અમારા નામદાર **મૌલાના આગા સુલતાન** મોહમદશાહા છે. તેઓ વંશાવળીથી બરહક **ઈમામુલવકત** છે. જેના માટે પીરોની આગાહીઓ પણ છે.) ઇમામો સામે જગ કરનારા કાફેરો પણ હમેસાં મુસલમાની નો દાવો કરતા હતાં, અને પોતાને ઇસલામી તરીકે ઓળખાવતાં હતાં, પણ એવો દાવો કરેથી મુસલમાન થવાતું નથી, પણ જેનાપર પરવરદીગાર રહેમ કરે અને **ઇમામુલ વકત**ની હીદાયત મેળવી સચાઇ અને સીદક દીલથી ચાલે તે મુસલમાન છે બીજું પવિત્ર કુરાને સરીફને માનવાનું દાવો તો કફેરો પણ કરતા હતાં. જેઓ "**જંગે સીફીન**" માં **મૌલા મુરતઝાઅલી** ( અ ) સામે લડનારાઓ માંહેલા હતાં. તેમ કુરાને શરીફની તીલાવત કરનારા પણ મુસલમાન ઠરી શકતા નથી. કારણ કે એ તમામ લડનારા કાફેરોના ગલામાં પણ " કુરાને હીમાયલ " કરેલા હતા, તેઓ હમેસાં તેને પડતા હતા, અને વળી આજે " વીસમી શદી " માં તો પાદરીઓ તથા આર્ય સમાજીઓ પણ પડે છે. તેવી રીતે પડનારાઓ માટે **હઝરત મોહમદ મુસતફા** ( સ ) શું ફરમાવે છે, તે નીચેની **હદીશ** વાંચી જુઓ.

## "હદીશ"

**કેટલાક માણસો એવા છે કે તેઓ જ્યારે કુરાને સરીફ પડે છે, ત્યારે તેઓને કુરાન લાનત કરે છે; કારણ તેઓ તેની અંદર લખેલા ફરમાન કાયદા અને નિયમો પ્રમાણે અમલ કરતા નથી.**

ઉપલી હદીસે શરીફ પ્રમાણે જરૂરનું છે. કે કુરાને શરીફ પડી તેને સમજી અને તેનાં નિયમો પ્રમાણે વર્તવુ એ સીદ્ધ થાય છે, તો પહેલો સબક કુરાને સરીફનો એ છે કે "**અલ્લાહ**" સીવાય અન્યને માનવું નહી, અને અન્યને માનનાર●મુસલમાન નથી; તો પ્યારા ભાઇ આ તર્કે વિચારવાનું છે કે "કુરાને શરીફ" કાંઇ "અલ્લાહ" તો નથી ? ત્યારે એને માનવું કેમ ? કારણ એ મુસલમાની વિરૂદ્ધ છે, માટે અંધશ્રદ્ધા ધરાવનાર બીરાદર લાંબો વિચાર કરો અને ખાસ મુસલમાની ઉસુલ શું છે ? તેનાં તરફ નીગાહ કરો. તો સમજાશે કે મુસલમાન કોણ ? તેનાં "ઉસુલ" પહેલો **અલ્લાહ** પેદા કરનાર છે તેને માનવું, બીજો **રસુલીલ્લાહ** બરહક છે અને તેના ફઝલમાથી શફાયત મળશે, ત્રીજો **ઇમામત** એ હીદાયત કરીને ( સીરતુલ મુસ્તકીમ ) સતપંથ દેખાડે, ચોથો **ન્યાય** જે વડે મઝહબની સચ્ચાઇનો ઝળકાટ પ્રગટ થાય છે. પાંચમો **કયામત** એ દુનીયા પ્રલય થશે ત્યારે **અલ્લાહ** કાજી બની નેક તથા બદ આમાલનો ઇનસાફ કરીને બદલો આપશે, એ સરતો પાળનાર અને તે પ્રમાણે ચાલનાર મુસલમાન ગણાય, એમ એ "ઉસુલેદીન" સ્પષ્ટ સુચવે છે,

ત્યારે અમો તમામ ઇસમાઇલીઓ ઉપલા પાંચે ઉસુલોને સ્વીકારનારા હોઇ એક અલ્લાહને માનવાનો દાવો કરીએ, અને અલ્લાહનાં કલામ પ્રમાણે ચાલીએ નહી, તેમ તમારૂં કહેવું ટકી શકતું નથી, પણ ઉપલી હદીસ પ્રમાણે અમો એમ કુરાને શરીફ પડીને લાનતનો તોક ગલામાં બાંધતા નથી, પણ જે ખાસ **કલામેરબ્બાની** માં અગેન ફરજ પાડવામાં આવી છે, તે ઉસુલોપર મજબુત રહી (મુત્આ) વ્યભિચારથી દુર રહેવું, સાચું બોલવું, ખોટી સાક્ષી પુરવી નહી; બાળહત્યા કરવી નહી, કોઇની નીંદા કરવી નહી, કોઇની વસ્તુ ચોરવી નહી, દુનીયામાં રીતનો ફેલાવવો નહી, શરાબ પીવો નહી, કોઇપર ઝુલમ કરવો નહી, તથા એહલેબૈયતની મોહબ્બતની અજ્ઞાનતા સાથે ઇસ્લામમાં તબરરાથી તફરકા પડાવવાનું અપકૃત્ય કરવું નહી. વીગેરેનો દીલમાં ખ્યાલ રાખી દુર રહેવું, અને નેકી અને નીતી અખત્યાર કરી સત્યતાથી એ સઘળા ફરમાનો અલ્લાહનાં સમજી તે પ્રમાણે અમો ઇસમાઇલીઓ ચાલીએ છીએ, છતાં અમોને દ્વેષ ભાવથી મુસલમાન તરીકે નહી સ્વીકારનારા પોતે કેવા મુસલમાન હોવા જોઇએ ? તેનો જવાબ વાંચક વર્ગની મુનશરી પર મુકીએ છીએ.

## સવાલ બીજો.

તમો પોતાને મુસલમાન જણાવો છો છતાં નમાજ પઢવાને કેમ નકાર કરો છો.

—:o:—

# જવાબ બીજો.

અહાહા ? અજબ જેવી વીગત છે કે ખુદાના બંદા જ્યારે લખવા બેસો છો ત્યારે જરા હોંશ સંભાળીને તો લખો કે જેથી આવું કાચું નહી કપાય, કોણ કહે છે. કે અમો નમાઝ પડતાં નથી. અમારા વિચાર પ્રમાણે એમ કહેનાર મુર્ખ છે, નાદાન છે, અમો બરોબર " નમાઝ " પઢીએ છીએ, જેને માતૃ ભાષામાં " દુવા " કહીએ છીએ. જેમ અરબી ભાષામાં તેનો ઉચ્ચાર "સલાત" છે. વળી તે નીમાઝ ( દુવા ) અમો પઢીએ છીએ, કે જે પરવરદીગારે પવિત્ર કુરાને શરીફમાં ઠેકાણે ઠેકાણે ફરમાવેલ છે, તે માટે અદેખાઇથી અંધ બની ખુદાના ફરમાન વિરૂધ્ધ જનારા જરા વિચારો, અને તમારી બુધ્ધીનો ગેર ઉપયોગ કરી ગુનેગાર બનો નહી " જુઓ કલામે આહદી. "

## આયત.

**જે ઘરો ( ખાંનાઓ)માં ખુદાએ પરવાનગી આપી છે કે તેમાં અવાજ બુલંદ કરવામાં આવે તે ઘરો (ખાંનાઓ) માં માણસો સવારે અને સાંજે તેની પવિત્રતા યાદ કરીને સ્તુતિ કરે છે.**

[ સુરતુન નુર ] આયત ૩૬.

વળી બીજે ઠેકાણે પરવરદીગાર હઝરત રસુલીલ્લાહને ધમકી આપે છે કેઃ—

ફકરા

## ૧૧

### આયત.

**અને તેઓને તું કાઢી મુક નહી કે જેઓ પોતાના પરવરદીગારની સવારે અને સાંજે પ્રાર્થના કરે છે, તેઓ તેના (ખુદા) ચહેરાની ઈચ્છા રાખે છે. તારી ઉપર તેઓના હીસાબમાંથી કાંઇ નથી, તેમજ તેઓની ઉપર તારા હીસાબમાંથી કાંઈ નથી, કે જેથી તું (મોહમદ) તેઓને કાઢી મુકે પછી ત્યારે તું જુલમગારોમાંનો થઇશ.**

[ સુરતોલ અન આમ ] આયત પર

ઉપલા ફરમાનને અનુસરી અમો ઇસમાઇલી બંદગી કરનારાઓને "નીમાઝ" પડવાને નકાર કરીએ છીએ. એમ કહેનારનું કહેવું કેટલું સરાહગત ભરેલું છે તે સહેલાઇથી સમજી શકાશે, માટે અએ અલ્લાહનાં બંદા આવું ઊશ્કેરણી ભરેલું ખોટું ને ખોટું લખી ફીતનો ફેલાવવાનું બંધ કરો. અને અલ્લાહનાં ખોફનાક અલફાઝો સાંભળી અને સંભલો, કે "દુનીયાપર ફીતનો ફેલાવનારને અલ્લાહ લાનત કરે છે" "તોબા" ખુદા ન કરે કે તેવી જાતની બે દીલી અને ના ઇતેફાકી ફેલાવીને ઉપલા શ્રાપના હકદાર બનો, અને આગળ વધી અમો કહીશું કે એ સવાલ તમારા ભેજામાંથી નીકળેલા નથી. પણ એદલજી ધનજી કાબા જેવા વિરોધીનાં શીકાર થઇ પડેલા સમજાઓછો, નહી તો આવું ખોટું ચીતરીને તિરસ્કારને પાત્ર ઠરતે નહી, અને લખવા અગાઉ "નમાઝ" એ શબ્દની માયના શું થાય

છે, તેવો તમારા મન સાથે ખ્યાલ કરતે તો એવું લખવાને માંડી વાલતે અને નાહક પોતાની કમહેશીયત બતાવવાથી બચી જતે, અને ખાત્રી કરી લેતે કે ઇસમાઇલીઓ અલ્લાહના ફરમાન મુજબ વરતી ને દુવા (નમાઝ) પડનાર છે, એટલે શરીયતની ડીગ્રી પાસ કરી મતલબી મુલ્લાંઓ અને મોલવીઓની ગુલામગીરીથી બચી દુવા (નમાઝ) પડે છે, પણ જ્યાં તમારી અકકલે કામ કર્યું જણાતું નથી ત્યાં આવું ને આવું થાય એ સંભવીત છે તેથી તમારા હાલપર દયા આવે છે. કે તમોને નુરે ખુદા યાને ઇમામુલ વકત હીદાયત કરે.

## સવાલ ત્રીજો.

—:o:—

તમો મુસલમાન જણાવો છો, છતાં હીન્દુઓનાં દશ અવતારને માનવાનું કેમ જણાવો છો.

## જવાબ ત્રીજો.

—:o:—

અફસોસ છે? કે આએ સવાલમાં વળી અજબ રંગ જમાવવામાં આવ્યો છે. અને તે તદન દુરાગ્રહ ભરેલો દંભિક દેખાવ છે, તેથી લખનારની ખોજાપ ને ખોટ લાગવા સમાન છે, કારણ **પીર**

**હસનકબીરદ્દીન** (અ) ખાસ કોશીશો કરીને હીન્દુઝમમાંથી છોડવી ખાસ હકીકતી ઇસલામ, પદ્ધતિપર લાવી મુકયાં, તેની તપાસ કીધા વગર ને સોધ ખોળ કર્યાં વીના જેમ ફાવ્યું તેમ લખી માર્યું એ પોતાની કીમત અંકાવા બરોબર છે, પણ ખાસ મહાન પીરોનું હેતુ એજ સીધ્ધ થાએ છે કે નવે નવ અવતાર વહી ગયાં, તેને માનવાની હવે કાંઇ જરૂર નથી, તે મુદ્રાલેખ અમારો હોઇ સાંમે ગલે બાજે છે, તેનાં માટે જુઓ બખ્તાવાર **પીરહસનકબીરદીન**નાં વચનો.

## કલામે પીર.

**ગંગા બીનારસ મત જાઓ ગોદાવરી, રામ ભજન અબ કેસા,**
**અલી અધો રૂપ ભયોરે નારાયણ જેસી કરણી ફલ તેસા,**
**"પીર હસન કબીરદીન"**

વીચાર કરો વગર વીચારના **સવાલી** ઉપલો ઉપદેશ દશ અવતારને માનવા કહે છે કે મુકી દેવા કહે છે, ત્યારે અમો દશ અવતારને માનીએ છીએ. એ લાવ્યા કયાંથી ? જોકે અમોએ અવતારો વીરૂધ્ધ બોલવા માટે અલ્લાંહના કલામ મુજબ આંચકો ખાશું, બલ્કે એમ પણ કહીશું કે ઝમાનાનાં અનુસરતા અને પ્રજાની અનુકુળતા મુજબ બરોબર તે ઝમાનાંઓમાં તેઓજ પુજ્ય હતા.

**જેમ પરવરદીગાર પોતાનાં કલામમાં ફરમાવે છે કેઃ—** કોઇ પણ કોમ એવી નથી કે જેના પર પયગમ્બર મોકલવામાં આવ્યો નહી હોય, તેથી ભારત વર્ષમાં તે વખતની રફતાર મુજબ એજ અવતારી પુરૂષો પયગમ્બરો હતા. તે માટે ઇસ્લામની તવારીખો વાંચો

તો સત્ય સમજાશે નહી તો બતાવો એક લાખ ચોવીશ હજાર પયગમ્બરની ગણત્રી કયાંથી છે, અને ઇસલામ માટે જેમ આજે હઝરતઅલી (અ) અનુકુળ છે, તેમ નવ અવતારો તે વખતની પ્રજાને અંગે વાજબી હતા અને પુર્ણ હતા. તેમાં શંકા રાખનાર કમ સમજ છે. ગણત્રી વગરનો અજ્ઞાન છે.

બીજી તરફ નજર કરતાં પીર સતગુરનુર ( નુરદીન ) પીરશમ્સ જેણે મુડદાને જીવતા કરેલા, પીર સદરદીન પીર હસન કબરદીન અને પીર તાજદીન વીગેરે ઉપદેશ કર્યું અને ખોજા બનાવેલ તે બોધમાં એ નવે અવતારોનો જીવન ચરિત્ર સાર ગ્રહણ કરવા માટે ઉપયોગમાં લીધેલ છે. તેમાં તમો છેડાઇને તુંડાઇ સાથે એકનું બીજુ લખી નાંખવા મંડી પડો છો. પણ જુઓ પરવરદીગાર પોતાનાં કલામમાં મચ્છર સુધીનો પણ ઉપયોગી દાખલો આપવા ભુલતો નથી. તેની તમારા જેવા કોયલા ભેજાવાળા એ કદર કરી નહીં. પણ હવે એબરત પકડો જે કલ્લામે મજીદમાં શું ફરમાવ્યું છે ?

**આયત.**

**ખરેખર ખુદા એક મચ્છર કે તે કરતાં કોઇ જરા મોટા ( જંતુ ) નો દાખલો આપવા શરમાતો નથી.**

[ સુરતુલ બકરા ] આયત ૨૬.

ઉપલી વીગતપરથી સાબીત થાય છે કે દલીલ દેવા માટે અથવા સાર સમજાવવા માટે સાધારણ જનાવરનો દાખલો આપવા માટે

બાંધ્યો નથી, ત્યારે આપણાં ખોજાઓનાં બુઝરગોએ જેને લીધે ઇસલામ ગ્રહણ કર્યો તેણે તે અવતારધારી પુરૂષોના ઉપદેશ અર્થે ચરિત્ર લખયાં તેમાં વાંધો શું ? આગળ ચાલતાં તપાસશો. તે પરવરદીગારે કુરાને શરીફમાં દીનનાં દુશમનો યાને કાફરો નાં નાંમ પણ આપેલ છે, જેવા કે નમરૂદ, શદાદ, ફીરઔન, હામાન, કારૂન, એટલે તેઓ ને મનાવવાનું ઠરે છે. તેમજ બતાવી શકશો કે અમારા પીરોએ કોઇ જગે નવ અવતારનું સમરણ કરવા સુચવેલ છે, જ્યારે તેમ નથી, તો તમોએ ઉપલો તમાંરો સવાલ કયાંથી લાવ્યા તે સમજાવશો, ભાઇ સાહેબ લખવા બેસો ત્યારે ભાન ઠેકાણે રાખીને તો લખો કે લખું છું શું ? નહી તો યાદ રાખજો રવડી પડશો.

## સવાલ ચોથો.

—:o:—

તમો પોતાને મુસલમાન જણાવો છો છતાં હઝરત મૌલા મુરતઝાઅલી તથા આગા સાહેબને ખુદા શા માટે જણાવો છે ?

—:o:—

## જવાબ ચોથો.

—:o:—

આએ સવાલથી રંજુ થતા પહેલે સમજવું જરૂરનું હતું કે ઇસલામમાં કુલ્લે ફીરકા કેટલા છે ? અને દરેકની માનીનતા કેવા કેવા

હેરફેર સાથની છે તે જાણતે તો હઝરત **મૌલા અલી** (અ) ને ખુદા કહેનાર મુસલમાન નથી એવો ઇતરાઝ કરતે નહી, કારણ પવિત્ર કુરાને શરીફમાં પરવરદીગાર ખુલ્લેખુલ્લું ફરમાવે છે કે.

**"આયત."**

**કુલ્લ શૈયઇન અહસયના હી ઇમામી મુબીન.**

[ સુરેયાશીન ] આયત ૧૨.

ઉપલા કલામે મજીદમાં ફરમાવવામાં આવેલું છે કે **સઘળી ચીજોનો હેવાલ જાણનાર ( ઇમામે મુબીન ) જાહેર ઇમામ છે.** એમ એ કલામથી સીધ્ધ થાય છે. અને તેમજ આપણને પણ સબક મળેલ છે કે સઘળી ચીજોનો હેવાલ જાણનાર ખુદા છે. ત્યારે એમ તો બની શકતું નથી, કે એક કામપર બે સતાધારી હોઇ શકે, એ મુદ્દાને ધ્યાનમાં લેતાં જો "**ઇમામેમુબીન**" ( જાહેર ઇમામ ) માં ખુદા સર્વ શક્તિમાન હોવાને અંગે ક્રમવાર પોતાનુ નુર ( ખુદા એ નુર છે ) એ ઇમામની વ્યક્તિમાં ઝલવાગર થઇ ઇસલામ આલમને હીદાયત કરવા માટે ગોઠવવામાં આવેલ છે, તેવી રૂઢી ધારણ કરવાથી મુસલમાનીને કોઈ રીતે ડાઘ પડી શકતો નથી તે સ્પષ્ટ સમજવામાં આવી શકે છે, તેથી આગળ વધી કહીશું કે એવી સમજ શક્તિ ધરાવનારા બધે હોઇ શકતા નથી જેમ અલ્લાહ ફરમાવે છે કે:—

**આયત.**

**ખુદા પોતાના નુર વડે જેને ચાહે છે તેને રસ્તો બતાવે છે.**

[ સુરતુન નુર ] આયત ૩૫.

માટે એ વીગતો સમજવાને ખુદાના નુરની હીદાયત હોય તોજ **સમજાય**, નહીતો જુઓ આલીમોએ દુનીયાનાં બુઝરગોને પોતે સમજવાની શકિત નહી ધરાવતા હોવાથી જફાઓ દીધી છે, જેવી કે મોલાના **મનસુર** પર શરાઅ લાવી **સુલીએ** ચહડાવ્યો, હઝરત **શમ્સ** તેવણુ પર શરાઅ લાવી આખા બદનની ખાલ ઉતરાવી, **સર મસ્ત** સાચું કહેતાં માર્યો ગયો. તેવીજ રીતે કોમે **નુસરી એ અલીને અલ્લાહ** તરીકે માનનારી હતી. તેને **હઝરત અલી** ( અ ) ની ખીઝમતમાં ઉભો કરીને શરાઅ વિરૂધ્ધ કહે છે. એમ મુલ્લા અને મોલવીઓ કે જેઓ ભેદ નહી સમજતાં હતાં તેઓએ ફરીઆદ કરી, પણ **હઝરત અલી** ( અ ) ને ચમતકાર બતાવવો હોવાથી આપની ઝુલફીકારથી તે **નુસેરીને** સીતેર વખત માર્યો અને ફરીથી તે નુસેરી **અલી અલ્લાહ** કહેતો સજીવન થયો. તેથી ફરીઆદ કરનારા આલીમો અચરજ પામ્યાં. અને તે નુસેરી માટે નીંદા થઇ કે એને માનવા દીયો હરકત નહી, એ શાનમાં સમજવાનું છે. અને એ સઘળા ઇસલામનાં ત્રણ તબકકા પાસ કરીને ચોથા તબકકા મારફત માનનારા છે. પણ જેની આંખોપર દીલપર અને કાન પર પરવરદીગારે **મોહર** કરી છે. તેને સુજવું કઠણ છે, નહી તો, ઇતીહાસો તપાસી જુઓ કે જે જમાનામાં **નુસેરી અલીને અલ્લાહ** તરીકે માનતા હતા. ત્યારે **હઝરત મોહમદ મુસતફા** ( સ૦ ) ની પણ મોજુદગી હતી અને કુરાને શરીફની આયતો પણ વહ્ય થતી હતી. જયારે એજ કુરાને મઝીદમાં જે બની ઇશરાઇલ હઝરત **ઓઝાઇરને** અલ્લાહ કરી માનતા હતા, તથા નશરાનીયો હઝરત ઇસાને ખુદાના પુત્ર તરીકે માનતા હતા, તેનાં માટે

મના કરવામાં આવી છે, અને નુસેરી જે **અલીને અલ્લાહ** તરીકે માનતા હતા તેનાં માટે મના થયેલી જોવામાં આવતી નથી, ત્યારે એમ તો કહેવાશે નહી કે એ બાબત ખુદાનાં ખ્યાલ બહાર હશે, અથવા ખુદા એ **હજરત અલી** ( અ ) ની તરફદારી કરી હશે, તેમ બનવું અશકય છે કારણ ખુદા ન્યાયી છે તેથી સીધ્ધ થાય છે કે નુસેરીગો હક પર હતા. તેથી તેમને મના કરવામાંઆવી નથી. તેવીજ રીતે આ ઝમાના પ્રમાણે **મૌલા અલી** ( અ ) નો નુર ઝહુર હાલ અમારા સરતાજ નામદાર **આગાખાન સર સુલતાન મોહમદસાહ**માં પ્રસરી રહ્યું છે, તે "કુવ્વતે મઝહરૂલ અઝાઇબ" પ્રમાણે આએ ઝમાનાના **અલી નામદાર આગાખાન સાહેબ** છે. તે મારફત સમજવા માટે આએ હદીશોની "ત્રીપુટી" ની સાંકળ વધારે ઉપયોગી થઇ પડશે.

## હદીશ

### અના મિન્નુ રિલ્લાહ.

**અર્થ**—હું અલ્લાહના નુરથી છું.

—o—

## હદીશ બીજી.

### અવ્વલોમાં ખલકલ્લાહે નુરી

**અર્થ**—અલ્લાહે સર્વેથી પહેલે મારા નુરને પેદા કર્યું.

—o—

### અના વ અલીયન મિન્નુરીનવાહેદ.

**અર્થ**—હું તથા અલી એકજ નુરમાંથી પેદા થયા છીએ.

—o—

વળી અલ્લાહુતઆલા ફરમાવે છે કે હું એક છુપો ખજાનો હતો. તેથી મેં પસંદ કર્યું કે ખલકત પેદા કરૂં કે મને ઓળખે તેથી ખલકત પૈદા કરી.

હવે ઉપલા અલ્લાહનાં ફરમાનમાં સ્પષ્ટ થાય છે કે **અલ્લાહ** એક છુપો ખજાનો હતો, પણ આલમની ઓળખ માટે જાહેરમાં આવ્યો એમ ભેદથી સમજાવે છે, તેવી રીતે ઉપરની હદીશોની સાંકળ પણ નુરની છે, જે **અલ્લાહ મોહમદ અલી** એક નુર છે, એકંદર ખુદા તે નુર છે અને તે નુર સ્વરૂપે ઇસમાઇલી બંદગી મુજબ "**અલી મોહમદ યક ખુદા**" એ **હક** છે, અને ખરો મુસલમાની તરીકો પણ એજ છે

તેનાં માટે કોઇ નાદાન એમ બોલી ઉઠશે કે **હઝરતઅલી** ( અ ) તો **હઝરત મોહમદ** ( સ ) નાં ઝમાનામાં હતાં, અથવા વફાત પામ્યાં. તેથી **અલ્લાહ** તરીકે પુરવાર થઇ શકતા નથી. તેનાં માટે કહીશું કે દરેક ઝમાનાંમાં જુદે જુદે નામે **હઝરતઅલી** ( અ ) દરેક પયગમબરને મદદ કરી છે. તેવી ઘણી હદીશો છે. અને **વેદો તથા સહીફાઓમાં તવરેત જંબુર અજીંલ** અને પવિત્ર **કુરાંને સરીફ** અને આતશ પરસ્ત જરથોસ્તીઓની **અવસ્થા** વીગેરેમાં તે ઝમાનામાં **હઝરત અલી** ( અ ) જે *નામે

---

* જે જુદી જુદી કીતાબોમાં **હઝરત અલી** ( અ ) ના નામો જુદા જુદા છે. તે થોડી મુદત બાદ કીતાબ "**મોજુદાતે ઇમામત**" ની બહાર પડનાર છે. તેમાં વાગતવાર નામ આવશે.

**લી૦ એ. જે. ચુનારા.**

જાહેર હતા, તે નામો સ્પષ્ટ મોજુદ છે, તેમજ **હઝરત અલી** (અ) હમેશા **હય્યુલ કુય્યુમ** છે, તે તેવણના કલામ મુબારકથી સાબીત થાય છે.

## કલામે અલી.

### અનલલઝી ઇન અમુત લમ અમુત.

### ભાવાર્થ.

**મારૂં જીસમ ( શરીર ) મરણને તાબે થાય છે તો પણ હું મરતો નથી.**

આગળ ચાલતાં **હઝરત મોહમદ મુસતફા** ( સ ) પોતાનાં કલામમાં **હઝરત અલી** ( અ ) ને રોજી આપનાર તરીકે જાહેર કરે છે.

## હદીશ.

### અલી રાઝકે રીઝક વ અના રાઝકે તબરૂક.

### ભાવાર્થ.

**રોજી આપનાર અલી છે અને ઝુરો ( નયાજ ) અપનાર હું છું.**

તેમજ મૌલા મુરતઝાઅલી (અ ) પોતાના કલામમાં ચોખે ચોખું પોતાને ખુદા તરીકે જાહેર કર્યું એમ પણ શીધ્ધ થાય છે કે.

## કલામે મૌલા.

**અનલ લઝી ફરઝલ્લાહો તાઅતી અલા કુલ્લે ઝી રૂહીન, મીન ખલ કીલ્લાહે, અના માલેકો કીતાબીલ મસતુર.**

## ભાવાર્થ.

**સઘળા રૂહ ધરાવનાર ઉપર મારી બંદગી કરવાની ફરજ નાંખેલી છે. હું કુરાને સરીફનો માલેક છું.**

આવી હઝરતઅલી (અ) તથા **હઝરત મોહમદ મુસતફા** (સ) નાં ફરમાનોમાં ચોખવટ હોવા છતાં તમો હેઠધર્મી અને અંધ શ્રધા નહી તજો, અને જે **ખુદાઇ નુરની** પરસ્તિ કરનારા અને હકીકતી રાહ પર ચાલનારા સાચા મુસલમાનને વગોવવા નીકળો છો, તે સ્પષ્ટ સમજાવે છે કે પોતે કેટલા દોકડાના છો તેમ શીધ કરો છો, તેથી અમો દુવા કરીએ છીએ કે તમોને નેક તોફીક મળે.

## સવાલ પાંચમો.

તમો પોતાને મુસલમાન જણાવો છો છતાં પયગમ્બર હઝરત મોહમદ (સ) ને બ્રહ્માનો અવતાર કેમ જણાવો છો,

# જવાબ પાંચમો.

—:o:—

દીલગીરી છે કે તમો મજહબ પર મોહ પામેલા માલમ પડો છો, તેનાં માટે માતૃ ભાષામાં જે અવતાર કહેલ છે, તે પ્રત્યે આક્ષેપ મુકવા બહાર પડયાં છો, પણ એનો ખરો રૂપાંતર ઇસલામની રૂએ **નુરન અલા નુર** થાય છે તે હીંન્દુઝમને સમજાવવા અર્થે અવતાર શબ્દ ઉપયોગમાં લીધેલ છે. નહી તો સ્પષ્ટ કરો કે નીચેની હદીશ **રસુલ્લીલાહની** શું સમજાવે છે ?

## હદીશ.

**અબુ સઇદ હઝરી ર સે રીવાયત હયે કે જનાબ રસુલીલ્લાહ (સ) ને ફરમાયા હયે કે મએ ઓર અલી ચાર હજાર બરસ આદમ (અ) સે પહેલે એક નુર થે જબ અલ્લા હોતાઆલાને ખલકતકો પયદા કીયા ઉસ નુરકો હઝરત આદમ (અ) કી પુશ્તમે મીલા દીયા, વોહ નુર હમેસાં એકહી શયમે રહેતા ચલા આયા યહાંતક કે "અબદુલ મુતલીબ" કી સુલબમે જુદા હોયગા. પસ "અબદુલ્લા" સે મયે હુઆ, ઓર "અબીતાલીબ" સે અલી હુએ મુજહ મે નબુવત હુએ ઓર અલીમે ખીલાફત હયે.**

ઉપલી હદીશ સાફ લબજોમાં નુરનું મુનતકલ થવું એટલે એકમાંથી બીજામાં ઝલવાગર થવું સીદ્ધ કરે છે, તે એમ કહેવાશે કે હઝરત આદમ (અ) હતા, તેજ **હઝરત મોહમદ** (સ) અને **હઝરત અલી** (અ) તરીકે જાહેર થયા, એ વીગત ખુલ્લેખુલ્લી અવતારની

જ સમજ આપે છે ઉપરાંત મજકુર હદીશમાં **હઝરત મોહમદ** (સ) એ કરાર કરયો છે કે આદમથી અગાઉની હસ્તી મારી છે તેમજ બીજી હદીશમાં ફરમાવેલ છે કે **અવ્વલોમાં ખલકલ્લાહે નુરી** યાને અલ્લાહે સર્વેથી પહેલે મારા નુરને પેદા કર્યું, ત્યારે તમો પુછનારની સમજ મુજબની ગણત્રી છ હઝારથી સાત હઝાર વરસની છે; પણ જે બ્રહ્માને આજે લાખો વર્ષો થઇ ગયાં ત્યારે પણ હઝરત મોહમદ (સ) નાં નુરની હસ્તી હતી, એમ કબુલ કરેથી તે પ્રજાને અનુકુળ પડતી રીતે મજકુર નુરે **મોહમદી બ્રહ્મા**માં ઝલવાગર હતો તેમાં કાંઇ પણ અજબ થવા જેવું નથી. કારણ કે તે ઝમાનાની રફતાર અને ધોરણ જે મુજબના હતા, તે પ્રમાણે જરૂર છે કે ખુદાઇ નુર તેવા સ્વરૂપમાં હીદાયત કરે, અને **હઝરત મોહમદ** (સ) **બ્રહ્મા** હતાં એમ કહેવું કોનું છે. તે તપાસતાં સમજાય છે કે તેમ સમજાવનાર મહા પુરૂષ પીર **શમ્સ** હતા, કે જેણે પોતાની મહાન ક્રીયાના બળવડે મુડદાને જીવતો કરેલ તેમજ પોતાની ખાલ પોતાનાં હાથે ખેંચી આપી અને સુર્યને નીચે ઉતારેલ, તેનાં વચનો **લોહ કલમ** જેવા છે અને સાચા ખાત્રી ભરેલા ખરા છે, તેનાંપર વિશ્વાસ નહી રાખનાર ખોજા નથી, અને દીલગીરી છે કે તમારા જેવા ભોળા ભટાક અને ટુંક બુદ્ધી ધરાવનારાઓને ખરી રીતે કહીએ તો મતલબી મુલ્લાંઓ અને મોલવીઓનાં બની બેઠેલા બંદાઓ છો, કે જેને પરિણાંમે સત્ય શું છે? તે સમજવાને બેનસીબ રહી અંધારામાં રહી ગયા છો, અને હજુ પણ વિચારીને વરતો તો દાવ હાથ લાગવાનો ચાન્સ છે, નહી તો અમલ અમલ સાલેહ ખુદા રહેમ કરે !!!

## સવાલ છઠો.

—:૦:—

તમો પોતાને મુસલમાન જણાવો છો. છતાં ઇસનાસરીઓ સાથે ખાવા પીવાની કેમ મનાઈ કરો છે.

———૦———

## જવાબ છઠો.

—:૦:—

ઉપર લખેલો તમારો સવાલ તદન સહરાગત ભરેલો અને ખોટો છે, અમો તો આખી મખલુકાત સાથે ભાઇચારો રાખીને દરેક મુસલમાનો સાથે ખાઇએ પીએ છીએ, અને સંસાર સમાજથી વેર ભાવ નહી રાખતાં સરવે સાથે ભ્રાતૃ ભાવ રાખવો એ અમો ઇસમાઇલીઓનો ખાશ મુદ્રાલેખ છે. તેના પરથી તમોને કહીશું કે મુગલ ભાઇઓ તેમજ હીન્દુસ્તાની સીયાઓ જેઓ ઇશનાસરી છે, અને તેઓ લાંબા વખતથી તે મઝહબ પાળતા આવેલા છે. તેમ તેઓની જમાત પણ જુદી છે, છતાં તે પ્રત્યે અમોને માન છે, અને તેઓ સાથે હળી મળીને ખાઇએ પીઇએ છીએ. પણ જે ખોજાઓ નાતમાંથી જુદા થઇ નવા મઝહબનો સ્વીકાર કર્યો, તેના પર કુદરતી રીતે અભાવ રહેવાના સબબે પાછી મેલ જોલ થવાથી ટપાટપી થવાનાં સંજોગ રહે છે. તેના માટે નાતનાં બંધારણની રૂએ ધર્મભ્રષ્ટથી દુર રહેવું એ સારૂં અને સુખ દેનાર છે. તેમજ ધર્મ ભ્રષ્ટથી દુર રહેવું એમ **અલ્લાહ તાઆલા** પણ પોતાના ફરમાનમાં કહે છે કેઃ—

### આયત.

**અને તેઓને તું તજી દે કે જેઓએ પોતાના ધર્મને એક રમત અને ગમત ગણી કાઢી છે અને તેઓને આ દુનીયાની જીંદગીએ છેતર્યાં છે.**

[ સુરતોલ અનઆમ ] આયત. ૭૦

દ્રષ્ટાંત તરીકે ધર્મભ્રષ્ટ થએલો માણુસ એવા માણુસ જેવો છે, કે જેને મોમનનાં કાફલામાંથી છીનવી લઇને એક ભયંકર રણમાં નાંખી દેવામાં આવ્યો હોય છે. તેનાં સાથીઓ પોતાની પાસે અને સાચે રસ્તે તેને આવવાનું પુકારીને કહે છે, પણ પીશાચો અને ભુતો તેને ખેંચી આડે માર્ગે લઇ જાય છે. તેનો ઇલાજ જો **અલ્લાહ** ગુમરાહીમાંથી બચાવીને તેને સીધે રસ્તે લાવે તોજ બને નહી તો તેવાથી દુર રહેવું એ સારૂ અને સત્ય ભરેલું છે. એમ સમજીને સાતમાં સવાલ તરફ આગળ વધીશું.

## સવાલ સાતમો.

તમો પોતાને મુસલ્લમાન જણાવો છો છતાં પોતાની બધી ધર્મ ક્રીયાઓ શા માટે છુપાવીને કરો છો ?

# જવાબ સાતમો.

શાબાશ છે ભાઇ સવાલી આ તો તમારૂં પુછવું એવા પ્રકારનું છે, કે એક માણસ સામે કપડા પહેરીને ઉભો છે, તેને પુછો છો કે કેમ ભાઇ કપડા નથી પહેરયાં? એ શું અકલની વાત છે? અથવા એમ તમો તમારી ચુકથી કહેશો, તેને બીજા પાસે ઉભેલા ગૃહસ્થો સ્વીકારશે, નહી? ત્યારે જે અમારી ધર્મ ક્રીયાઓ કોરટોમાં થઇ જસ્ટીસો અને બારીસ્ટરો સાંમે કરીને તેને સમજાવવામાં આવી, તેના લખાણ ગુજરાતીમાં થયા, અંગ્રેજીમાં તરજુમા થયા, અને આખી દુનીયાએ વાંચ્યાં, છતાં તમો લખો કે છુપાવીને શા માટે કરો છો. એમ તમારૂં લખવું કેટલું વજન પકડીને ટકી શકશે તેનો વિચાર તમોજ કરજો. અને છુપાયેલી ક્રીયાઓ તેની હોય છે કે જેનો ધણી છુપાઇ રહ્યો છે.

પરંતુ ખરૂં પુછતાં જે બંદગી વીગેરેની ક્રીયાઓ કરવી છે તેનો લાભ **અલ્લાહ તાઆલા** પાસેથી મેળવવો છે. ત્યારે તે હીસાબે જરૂરનું એ છે કે જે ધણી પાશેથી બદલો મેળવવો હોય તેને જ પોતાની મહેનત કરી બતાવવી તો જે મુકરર કરેલા ઘરમાં અલ્લાહના ફરમાન અનુસાર અમો ક્રીયાઓ કરીએ છીએ. ત્યાં તે અલ્લાહ મોજુદ રહે છે ને જુવે છે સમજે છે અને બદલો આપે છે, તે અમારા માટે બશ છે, પણ જેને મકરની જાળ ફેલાવી દુનીયાને છુતી ખાવી હોય તેને જરૂરનું છે કે લાંબા સાયા પહેરી મોટી પાઘડીઓ સમલાવાળી

બોધી હાથમાં તશબી લઇને લોકોને લલચાવા બહાર પડે, એવી પૃથા અમારા મઝહબમાં પડેલી નથી. એટલે બજારમાં દુકાન લગાડી વકરો કરવા બેસતા નથી. અને તેમ કરનારને અમો ઇમાનદાર અથવા પરહેઝગાર તરીકે ઓળખતા નથી, તે માટે એ સવાલમાં કરેલી તમારી માથાકુટ વૃથા છે.

---

## સવાલ આઠમો.

—:*:—

તમારા પીરો તથા ઇમામો મુસલમાન હતા કે નહી ? અને જો મુસલમાનો હતાં તો તેઓ કુરાને સરીફને માનતા હતા કે નહી.

---

## જવાબ આઠમો.

—:o:—

આ સવાલ પાઘડીમાં માથું અને માથામાં પાઘડી જેવો હેર-ફેર ધરાવનારો સમજાય છે. તેથી શીદ્ધ થાય છે. કે આ ચીચડ બાંધવા સીવાય કશું એ કર્યું નથી, પણ અમોને જરૂરનું છે કે એવા સવાલનો જવાબ પણ સ્પષ્ટ કરવો જોઇએ, એ એક સચાઇનું પ્રમાણ છે.

ઇસલામની જુની વીગતો વાંચી જુઓ તો તમો સમજી શકશો કે જ્યારે "જંગે સફ્ફીન" નામની લડાઇ થઇ તે પ્રસંગે દુશમનો સામે **હઝરત અલી** (અ) તથા **માલેક અશતર** પુર જોર શોર સાથે

લડતા દુશમનોનો નિકંદન કરતા હતાં, અને તેને પરિણાંમે લડાઇમાં મઆવીઆનો પક્ષ લગ-ભગ હારવાની અંણીપર હતો ત્યારે મઆ-વીઆએ પોતાનાં સાથીઓ સાથે મસલહત કરીને કહયું કે જો હવે મકરની જાળ નહી બીછાવીશું તો આપણે પણ મોતની અણી પર છીએ. માટે એવી કોઇ યુકિત યોજી કાઢો કે "**હઝરત અલી**" (અ) ના સાથીઓ પણ આપણી જાળનાં શીકાર થઇ પડે, ત્યારે જે એક ઉમરઆશ નામનો સખ્સ ફરેબી હતો, તેણે આ બાજી યોજી કાઢી કે કુરાને સરીફને બધા મુસલમાનો માને છે, માટે કુરાનને ભાલાઓ ઉપર લટકાવી તેને સલાહનું રૂપ આપી પાછલથી મનનું ધારેલુ કામ પાર પાડીશું તે પ્રમાણે રાતો રાત આશરે પાંચસો હેમાયલ સરીફ ભાલાઓપર લટકાવી, ભાલા પોતાની ઉભી રહેલી શફની હદપર ખોડી રાખ્યા. સવાર થતા લડાઇનો બીંગલ થયું પણ મઆવીયાનાં સાથીઓ સામે લડવા ન આવતાં એક મુલ્લાંને મોકલીને વાએજ કરાવીને કહેવરાવ્યું કે—

**કુરાંન દીખા કે બોલે સીતગર અમાન દો,**
**બાહેરે રસુલ ખાલેકે અકબર અમાન દો.**

એમ કહી તે બોલ્યો કે અમો કુરાને સરીફના ફર-માન પ્રમાણે ચાલવા તયાર છીએ, અને લડાઇ બંધ કરો એમ સાંભળી **હઝરત અલી** (અ) ના સાથીઓએ તલવાર મ્યાન કરીને તેની **હઝરત અલી** (અ) ને ખબર કરી, ત્યારે **હઝરત અલી** (અ) કીધું કે દુશમનોના દીલમાં ફરેબ છે, માટે લડાઇ બંધ નહી કરો, છતાં પણ શૈન્યમાં ભંગાણ પડયું, અને સાથીઓ **હઝરત અલી**

(અ) ને કહેવા લાગ્યા કે તમો નાહક મુસલમાનો નો લોહી રેડવા માંગો છો. માટે અમો કોઇ પણ રીતે કુરાને સરીફની અદબ લોપીશું નહીં, ત્યારે **હઝરત અલી** (અ) જુસ્સાથી બોલ્યા કે (**અના કુરાને નાતીક**) હું બોલતું કુરાન છું. અને (**હાઝા કુરાને શામીત**) એ મુંગો કુરાન છે, માટે તમો તમારી તલવાર બહાર કહાડી જંગમાં પડો, છતાં તે લોકો ભુલેલા માંહેલા હતાં, તે સમજ્યાં નહી કે (**ઇમામે મુબીન**) જાહેર ઇમામ કુરાને સરીફપર ફઝીલત ધરાવે છે, અને કુરાને સરીફ પર મોહ પાંમી હમેસા માટે હલાક થઇને કાફરોની હરોળમાં નામ લખાવ્યાં, એ ઉદાહરણની ફકત એટલીજ જરૂર છે કે કુરાનને માનવાની સ્થિતી કરતા કુરાને શરીફનાં ફરમાનો સમજી તે પ્રમાણે વર્તવું ઉત્તમ છે, અગર તે ખારજીઓ સમજતે કે **વક્તુલ ઈમામને** ગાયબનો હાલ રોશન છે, (સુરેયાશીન મુજબ) તો કદી પણ ગુમરાહ ન થતાં કીર્તીમય બનતે, અને તેઓના નાંમો સાથે **સલવાત** જોડાયલી રહેતે અફસોસ છે. એવી રીતે કુરાને સરીફને માનનારાઓ માટે અને તેને લગતા સવાલ કરનારાઓની સ્થિતી પર કે જેઓ કુરાને સરીફની ખરી વીગતોથી બે નશીબ છે, તેઓ ફકત મકરબાજ મુલ્લાંઓ અને મોલવીઓનાં પુતલાઓ છે, અને જેમ તેઓને નચાવે તેમ તેઓ નાચયા કરે છે, સબબ ? નહી સમજવાને લીધે ? તેથી તેઓ જેમ ચલાવે તેમ ચાલવું અને તેઓ જેમ સમજાવે તેમ કબુલ કરવું, બાકી સાચા મુસલમાન અમો છીએ, અને કુરાને સરીફની સત્ય માયના પણ અમારી પાસે

છે, તેથી સીદ્ધ થાય છે કે કુરાને સરીફ પણ અમારા માટે છે, જેથી ખરો લાભ ઉઠાવી શકીએ છીએ, ભોગ તેનાં છે કે જે સાચ અને જુઠ પારખવાની શક્તિ ખોઇને બેઠાં છે. નહી તો જુવો નીચેની હદીશ સરીફ શું કહે છે.–

**અલી મઅલ કુરાંન વ કુરાંનો મઅલ અલી.**

**અર્થ–અલી કુરાન સાથે છે અને કુરાન અલી સાથે છે.** તેજ હઝરત અલી (અ) ના વારસ નામદાર આગાખાન સાહેબ છે, અને આ એ ઝમાનાના **અલી** છે. હવે તેઓ કોણ છે, અને કુરાને સરીફને માને છે કે નહી તે પુરતી રીતે સમજીને સંતોષ પકડશો.

## સવાલ નવમો.

તમો પોતાને મુસલમાન જણાવો છો છતાં મુસલમાન ધર્મ પ્રમાણે ચાલે: તેની સાથે સખતાઇ કેમ કરો છો.

## જવાબ નવમો.

અહા, અફસોસનું મુકામ છે, કે જુની આંખે નવા કૌવતકો નજરે પડે છે. કે સાંમે ચોર કોટવાલને દંડવા નીકળેલ છે, અરે ખુદાનાં બંદા

જરા દલીલની જરૂર હતી, કે મુસલમાની પર ચાલ્યો કોણ, જેનાપર સખતાઈ કરવામાં આવી, જરા આંખો ખોલીને જુઓ કે અમો તો મુસલમાની વધારવા માટે પ્રયત્ન કરીએ છીએ. મુસલમાનોની સેવા કરીએ છીએ. મુસલમાનોની ખાહેશ્વરીએ ઉભા છીએ. તે તપાસવા માટે ગુજરાત તરફ નજર કરી કાઠીયાવાડ તરફ રૂખ ફેરવો, પંજાબમાં જઈ પહોંચો તો સમજાશે કે મુસલમાન થનારાઓ ઉપર સખતી તમોએ કીધી, અને કોમમાં થતો વધારો અટકાવવાના ઉપાયો યોજ્યા છે, પણ જેની સાહયે ઇમામે મુબીન હોય તેને વીગન કાંઇ કરી શકતા નથી. તે પ્રમાણે અમારો કામ પાર પડયું ને હજુ પણ થતો રહે છે. એ મુસલમાની પર સખતાઇ કરેલી કહેવાસે કે મુસલમાનીની પાશબાની કરેલી ગણાશે તેનાં માટે જાહેર છાપાઓ વાંચો તો તમારી આ ખોટી લખાવટ તમારા આડે આવીને ઉભા રહેશે. અને અંધારામાં જતા અટકાવશે, બાકી તમારી " તબ્બરા " ની રીતીઓ તમોને મુબારક નાત જાત અને કોમને છીન્ન ભીન્ન કરવાની યુકતિઓ તમોનેજ શોભે બાકી અમારો તો મુદ્રા લેખ એ છે કે:—

**સાચા દીન રસુલકા તમો સહી કરી જાણો,**
**જે કોઈ ચાલે દીનકુ વાંહ કુ દીન સે આણો.**

**પવિત્ર જ્ઞાન.**

અમારૂં હાલવું અમારૂં ચાલવું, અમારૂં કરવું અને અમારૂં બોલવું એજ છે બાકી તમોએ જે એ કનીષ્ટ સવાલ ઉભો કરી ગાળે

પાપ વહોરી લીધો છે, તે પાપનું ઘડો ફુટશે ત્યારે સમજાશે અને પસ્તાવો થશે માટે ચેતો.

## સવાલ દશમો.

ઉપરના નવ સવાલો સંબંધમાં આગા સાહેબ તરફથી તમોને કાંઈ ફરમાનો મલ્યા હોય તો ક્યારે? અને ક્યાં તે જણાવશો.

## જવાબ દશમો.

આ છેલ્લા સવાલમાં મી. નુરમામદે એવી ગણત્રી કીધી છે કે પોતે જે નવ સવાલોમાં પોતાનાં ઘરણુ લાગેલા દીલ ઉપર હકીકત ઇસલામનાં સુર્ય રૂપી "**નુરેમહમદી**" ની ગેરહાજરીથી જે ઘર તપાસ્યા વગર ભાડુતી વિગતો ઉપર દંભ કીધો છે. તે ઉપરના નવ સવાલોનાં તેઓએ નહી ધારેલા નુરે ઇમામ બક્ષનારા ઝળકતા જવાબો વાંચ્યાં પછીથી કદાચ જ આ સવાલના મતલબ સમજવા-ઇતેજાર રહે, જોકે તેનો જવાબ તમારા જેવા સત્યને નહી તપાસવાની ઇચ્છા રાખનારાની ઇચ્છાના રૂપમાં હકીકતી ઇસલામનાં આફતાબ **નામદાર આગાખાન સાહેબના** ફરમાનો બતાવવા તે **ઇન્જીલ** નાં દ્રષ્ટાંત મુજબ ઇસમાઇલી દીનના ગવહરો ભુંડોની અગાઉ ફેંકવા મીસાલ માનીએ છીએ. પરંતુ જો મી. નુરમામદનો

હેતુ કાંઈ ખરૂં જાણુવાની જ ઇચ્છાવાલો હોત તો શરૂ ભાગમાં પુછેલા અમોએ દશ સવાલો જે શાધારણ છે, અને ઇસલામનો દાવો રાખી અથવા બીજા ઉપર ગેર મુસલમાનપણાનો ધબ્બો દેખાડતા પોતાની ઇમાનદારી ઉપર ધબ્બો મારતો હોય, તેના માટે હાલ તુરત બસ સમજીશું. કારણ કે અમારા હકીકતી ઇસલામ તરીકેનાં ઇસિ-માઇલીઆ મઝહબનાં ખુદાઇ નુરની રોસની સુરેનુરનાં કલામ મુજબ કુલ્લે દુનીયાને રસ્તો બતાવનારા છે. તે હવે પછીના ઘણા નજીક વખતમાં પ્રગટ કરી મી. નુરમામદ જેવા દોરવાઇને ઉછલી પડેલાં અંધ શ્રધા ધરાવનારાઓના ઇમાનની કસોટીના કારણ તરીકે અથવા મઝહબી ચરચાની ઝબા દરાઝીનો ફાંકો નાબુદ કરવાનાં ઉંચ હેતુથી અમો રજુ થવા આ તકે જણાવતું દુરસ્ત લાગે છે.

**અલ્લાહ રસુલીલ્લાહ** અને **ઇમામ**ની વ્યાખ્યા કુરાને સરી-ફનું નાઝીલ થતાં ફેઝયાબીપણું નમાઝ, રોઝા, હજ ઝકાતનો ખરો અર્થ એ સામટા ઇસલામનાં સીદ્ધાંતો **હદીશું સકલૈન** મુજબ હઝરત મૌલા મુરતઝાઅલી (અ) ની નશબ બ નશબ આજ પર્યંત જેનાં પવિત્ર વચનોથી સીદ્ધ થાય છે. એવા **સુરેયાસીન**માં બતા-વેલા **ઇમામે મુબીન**ની જ્યાં સુધી શનાખ ન હોય અને તેનાં લીધે જેને જાહેલીયતનાં મોતે મરવાનું હદીસ શરીફ પુરવાર કરતી હોય તેવા કોઇને પણ અમારા પવિત્ર ઇસમાઇલીઆ દીન માટે દમ મારવાની જગા રોઝે હશરની ભયંકર જવાબદારીનાં ચિન્હ રૂપ છે એમ સમજવું.

**"વસલામ,"**

## પોતે કબુલેલા "મનહુસ" ચહેરાનાં મી. કાબા કાબર ચીત્રા ધાબા.

### ઈશનાસરી મતના "નુરે હીદાયત" નામનાં માસીકનાં પહેલાનાં અંક ૪ થા નાં પેજ ૧૩ થી ૧૭ સુધી.

# અમારૂ પારસીને બંધ બેસતું ના

એ મથાળા નીચે મી. કાબા કેટલુંક અંગત ચીબવલાપણું છે. તે જેમ તેનાંજ લખવા મુજબ મનહુસપણું બતાવનાર છે રીતે ઇસલામનાં પવિત્ર સિધ્ધાંતોનો ગમે તેમ અર્થ કરનારં મિસાલ અમો માનીએ છીએ.

કારણ કે મી. કાબો કેવો મુસલમાન છે. તે એમનાં કોઈ પ્રગટ પુસ્તકો ઉપરથી નિર્ણય થઈ શકતું નથી.

કારણ કે તે હકીકતી ઇસલામનાં સિધ્ધાંતોનો વિરોધિ છે, સબબ કે ખુદાઈ નુરી અવતારને તેણે વગોવ્યું છે.

કારણ કે તે શરીઅતી દાવો રાખનાર છતાં કોઇની તકલીદ કરતો નથી.

કારણ કે તે એહલે સુન્ની મુસલમીન તરીકાનો પાકો દુશ્મન છે.

કારણ કે તે "તબ્બરા" નાં કાનુનને વખાણનારો છે.

કારણ કે તે "મનહુસ મુત્આ" નો હીમાયતી છે.

કારણ કે તે ઇશનાસરી તરીકે સાબેત થતો નથી સબબ કે ગાયબ ઇમામની માનીન્તા ધરાવતો નથી.

લી. એ. જે. ચુનારા.

---

તા. ક.—મજકુર વીષયોપર અમારા એક મિત્ર તરફથી પુસ્તક લખાય છે, તે ટુંક મુદતમાં છપાઇ બહાર પડશે.